
## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




રસી લેવા જવાનું છે, ચાલો ઊભા થાવ છો કે ઢસડીને લઈ જઉ, તમે અમે નાના હતા ત્યારે આમ જ લઈ જતા હતા એ યાદ છે...!!



ગાંધીનગર એમ તો સરકારી બાબુઓ અને કર્મચારીઓનુ નગર ગણાય છે. રાજકારણીઓની અવરજવર પણ અહી વધુ છે. તેમ છતાં અહીં રખડતા ભિક્ષુકો પણ ક્યાંક ક્યાંક જોવા મળી જાય છે. સંપત્તિની જાહોજલાલી ભલે માણી નથી પરંતુ વૃક્ષોની છાયામાં આરામ ફરમાવી રહેલો આ ભિક્ષુક વૃક્ષોની જાહોજલાલી ચોક્કસ માણી રહ્યો છે.

## ખૂણેખાંચરેથી

- ગાંધીનગર મહાનગર પાલિકાની સ્થાયી સમિતિની આજે મળેલ બેઠક ૧૦ મિનિટમાં પુરી થઈ હતી જેમાં કમિશનરે ૨૦૨૧-૨૨ના વર્ષનું બજેટ રજુ કર્યુ હતુ.
- રાજ્ય ચૂંટણી પંચે આજે ૧૧ થી ૫ દરમ્યાન રાજ્યના તમામ ચૂંટણી અધિકારીઓ અને મદદનીશ ચૂંટણી અધિકારીઓને ઓનલાઈન તાલિમ આપી હતી.
- સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં ઓનલાઈન ઉમેદવારીપત્ર પણ ઉમેદવાર તરીકે ભરી શકશે તેવો મહત્વનો સુધારો રાજ્ય ચૂંટણી પંચે કર્યો છે.
- ૨૬મી જાન્યુઆરીની ઉજવણી માટેની તૈયારીઓ તંત્રએ શરૂ કરી દીધી છે.
- શનિ-રવિની રજા અને સોમવારે હક્ક રજા મુકતાં એક સાથે ૪ રજાનો લાભ કર્મચારીઓને મળશે એની ગણતરીઓ કર્મચારીઆલમમાં સારી એવી ચાલી હતી.
- આગામી સપ્તાહથી રાજ્ય સરકાર દ્વારા બજેટને આખરી ઓપ આપવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે તેમ સચિવાલયના સૂત્રોનું કહેવુ છે.

# ચોપગા પ્રાણીઓના બચાવકાર્ય માટે નવી ગરુડા એમ્બ્યુલન્સ સાથે સજ્જ ફોર લેગ રેસ્કયુ ટીમ

ગાંધીનગર તા. ૨૩

ગાંધીનગર તથા અમદાવાદની આસપાસના વિસ્તારમાં અકસ્માતથી ઈજાગ્રસ્ત અથવા બીમારીથી પીડિત ગાય, બળદ, આખલા સહિતના ગૌવંશ ઉપરાંત અન્ય ચોપગા પ્રાણીઓને સ્થળ પર રેસ્ક્યું કરીને સારવાર અપાવવાની સેવા આપતાં ટીમહવે આ પ્રાણીઓને સરળ અને પીડા મુક્ત પરિવહન આપી શકશે કેમકે સંસ્થાએ પોતાની પ્રથમ એમ્બ્યુલન્સનું ×ગરુડા× વસાવી છે.

ફોર લેગ રેસ્કયું ટીમે તા.૨૧મી જાન્યુઆરીથી પ્રાણીઓના પીડા મુક્ત પરિવહન માટે નવી એમ્બ્યુલન્સ (ગરુડા)ની સેવા શરૂ કરેલ છે. આ એમ્બ્યુલન્સ ગરુડામાં રબર સાદડી સાથેનું તળીયું છે જ્યાં પ્રાણી કોઈ ખચકાટ કે લપસ્યા વિના બેસી અથવા ઉભા રહી શકે છે. આ સાથે ૨ ટન ઈલેક્ટ્રિક સંચાલિત વિંચ ૧૫ મીટર વાયરની લંબાઈવાળા કેબલ સાથે મોટા પ્રાણીઓને ઉપાડવા માટે ઉપલબ્ધ છે. રાત્રે હાઈવે પર અથવા અંધારાવાળા વિસ્તારોમાં કામ કરવા માટે ઈમર્જન્સી રેસ્ક્યુ લાઈટ્સ અને અમુક જટિલ પરિસ્થિતિઓમાં મોટા પ્રાણીઓને બચાવવા માટે મેન્યુઅલ ૨ ટન ચેન પુલર સ્થાપિત કરવામાં આવ્યું છે. આ સાથે તમામ સલામતીના સાધનોથી સજ્જ પ્રાણીઓને બચાવવા સમર્પિત ફોર લેગ રેસ્કયુ ટીમ ઉત્તમ સેવા આપવા કટીબદ્ધ છે.



સેકટર-૩-બી મહાકાળી મંદિરની બાજુમાં બોરવેલનું ઢાંકણ ખુલ્લું હોવાથી આજુબાજુ રમતા બાળકો પડી જવાનો ભય રહે છે. વોર્ડના કોર્પોરેટર ઉર્મિલાબેન વર્મા દ્વારા વારંવાર રજૂઆતો કરવામાં આવી હોવા છતાં તંત્ર દ્વારા તે રજૂઆતને ધ્યાને લેવામાં આવી નથી અને હજુ સુધી આ બોરવેલનું ઢાંકણું ખુલ્લું જ છે.

# શહેરમાં ફરી ઠંડીનો પારો સિંગલ ડિજિટમાં પહોંચ્યો

### લઘુત્તમ તાપમાન ૮.૮ ડિગ્રી સે. નોંધાયું મહત્તમ તાપમાન ૩૨.૪ ડિગ્રી સે.

ગાંધીનગરમાં ઠંડીનો પારો ફરી એકવાર સિંગલ ડિજિટમાં પહોંચી જવા પામ્યો છે. આ સાથે જ શહેરીજનોને તીવ્ર ઠંડીનો અનુભવ થઈ રહ્યો છે. આજે શહેરનું લઘુત્તમ તાપમાન ૮.૮ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું.

છેલ્લાં કેટલાંક દિવસથી પાટનગરમાં ઠંડીનો પારો ૧૨ ડિગ્રી ઉપર હોવાને કારણે ઠંડીમાં રાહત અનુભવાઈ હતી પરંતુ આ રાહત ઝુંટવાઈ જવા પામી હોય તેવો અહેસાસ નાગરિકોને થવા પામ્યો હતો. ઠંડીનો પારો ફરી એકવાર ૮.૮ ડિગ્રી સેલ્સિયસ થઈ જવાને કારણે શહેરમાં તીવ્ર ઠંડીનું મોજુ ફરી વળ્યું છે. આજે શહેરમાં મહત્તમ તાપમાન ૩૨.૫ ડિગ્રી સે. નોંધાયું હતું જ્યારે ભેજનું પ્રમાણ સવારે ૮૨ ટકા હતું તે ઘટીને સાંજે ૭૭ ટકા રહેવા પામ્યુ હતુ આમ વાતાવરણમાં ભેજનું પ્રમાણ પણ ઉંચુ નોંધાયું હતું. શહેરમાં ફરી એકવાર મહત્તમ તાપમાન અને લઘુત્તમ તાપમાન વચ્ચે તફાવતનો ગાળો વધી જતાં બપોરે ગરમી અને સાંજે ફરી તીવ્ર ઠંડીનો અનુભવ થઈ રહ્યો છે જે બીજા દિવસે સવાર સુધી જળવાયેલો રહે છે.

# ઝવેરચંદ મેઘાણીની ૧૨૫મી જન્મજયંતિની ઉજવણી થશે

મુખ્યમંત્રી વિજય રૂપાણીએ રાષ્ટ્રિય શાયર ઝવેરચંદ મેઘાણીની ૧૨૫મી જન્મજયંતિના આ વર્ષને રાષ્ટ્રિય શાયરના ગૌરવ-સન્માનને ઊજાગર કરતી રાજ્યકક્ષાની ઉજવણી તરીકે ઉજવવાનો નિર્ણય કર્યો છે.

મુખ્યમંત્રીએ આ હેતુસર વિવિધ કાર્યક્રમોનું રાજ્યવ્યાપી આયોજન અને માર્ગદર્શન માટે શિક્ષણ મંત્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાના અધ્યક્ષસ્થાને ૧૨ સભ્યોની સમિતિની રચના કરી છે. આ સમિતિમાં રમત-ગમત, યુવા સાંસ્કૃતિક પ્રવૃત્તિ રાજ્યમંત્રી ઈશ્વરસિંહ પટેલ અને મહિલા બાળ કલ્યાણ રાજ્યમંત્રી વિભાવરીબહેન દવે ઉપાધ્યક્ષ તરીકે રહેશે.



ગણતંત્ર દિવસની ઉજવણી હવે સાવ નજીકમાં છે, તૈયારીઓ તડામાર ચાલી રહી છે. સેક્ટર-૧૧ના રામકથા મેદાનમાં પરેડ સહિતના વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યુ છે. હોમગાર્ડના જવાનો સેક્ટર-૧૧ના મેદાનમાં પરેડની પ્રેક્ટીસ કરી રહ્યા છે.


# દિલ્હીમાં પ્રજાસત્તાક પર્વની પરેડમાં ગુજરાતનો ટેબ્લો : મોઢેરાનું સૂર્યમંદિર

### આબેહૂબ શિલ્પ-સ્થાપત્ય અને ઊર્જાવાન ટિપ્પણી નૃત્યથી શોભિત ગુજરાતનો ટેબ્લો દિલ્હીમાં આકર્ષણનું કેન્દ્ર

ગાંધીનગર, તા. ૨૨

નવી દિલ્હીમાં પ્રજાસત્તાક દિવસની રાષ્ટ્રીય પરેડમાં ગુજરાતના ટેબ્લો તરીકે વિશ્વ પ્રસ્તુતિ કરાય છે.

ઉત્તર ગુજરાતમાં મહેસાણા પાસે મોઢેરામાં પુષ્પાવતી નદીના કિનારે સોલંકી રાજવંશના રાજા નકશીદાર સ્તંભો છે, જેના પર રામાયણ, મહાભારત અને કૃષ્ણલીલાના દશ્યોની કોતરણી છે. ટેબ્લોના મુખ્ય ટ્રેલર ભાગમાં મોઢેરાના સૂર્યમંદિરના ટેબ્લો સાથે ૧૨ મહિલા કલાકારો ટિપ્પણી નૃત્ય પ્રસ્તુત કરશે. પરંપરાગત જીમી પહેરવેશમાં કાલરિયાના માર્ગદર્શન હેઠળ અધિક માહિતી નિયામક અરવિંદ પટેલ, નાયબ માહિતી નિયામક પંકજ મોદી અને હિરેન ભટ્ટ તથા






પ્રસિદ્ધ મોઢેરાનું સૂર્યમંદિર રાજપથની શોભામાં અભિવૃદ્ધિ કરશે. ઉત્કૃષ્ટ શિલ્પ-સ્થાપત્ય અને સંસ્કૃતિના બેનમૂન સમન્વયસમા મોઢેરાના સૂર્યમંદિરની આબેહૂબ ઝલક ટેબ્લોમાં ઉજાગર કરવામાં આવી છે. લગભગ ૬૦ જેટલા કલાકારોએ ત્રણ મહિનાની સમર્પિત મહેનતથી આ ટેબ્લોને સજાવ્યો છે. દર વર્ષે ૨૬મી જાન્યુઆરીની રાષ્ટ્રીય પરેડમાં રાજ્ય સરકારના માહિતી ખાતા દ્વારા ટેબ્લોની પરિકલ્પના અને ભીમદેવ (પહેલા)એ આજથી લગભગ એક હજાર વર્ષ પહેલાં ૧૦૨૬-૨૭માં આ સૂર્યમંદિર બંધાવ્યું હતું, જેનું નિર્માણ ઓરિસ્સાના કોણાર્ક સૂર્યમંદિર કરતાં પણ અગાઉ થયું હોવાનું મનાય છે. મરુ-ગુર્જર શૈલીના આ મંદિર પરિસરમાં ગર્ભગૃહ, સભામંડપ અને સૂર્યકુંડ મુખ્ય છે. પથ્થરોમાં જાણે કવિતા કંડારેલી હોય એવા આ સ્થાપત્યના સુપ્રસિદ્ધ સભામંડપમાં વર્ષના ૫૨ સપ્તાહના પ્રતિક સમા ૫૨ વિશાળ સભામંડપ શોભાયમાન છે જ્યારે ટ્રેક્ટર પાર્ટમાં કીર્તિતોરણ જેવા બે સ્તંભ દર્શાવવામાં આવ્યા છે.

ટેબ્લો પર અગ્રણી શિલ્પકારોએ ફાઈબર કાસ્ટિંગથી સુર્યમંદિરનું હૂબહુ નિર્માણ કર્યુ છે. પથ્થર જેવી પ્રતિકૃતિનું નિર્માણ કરવા માટે ધોલપુર સ્ટોન ટેક્ષ્ચર કલરનો ઉપયોગ કરવામાં આવ્યો છે. એલ.ઈ.ડી. ફ્લડ લાઈટ્સથી ટેબ્લો પરનું સૂર્યમંદિર દૈદીપ્યમાન છે. સજ્જ આ ગુજરાતી બહેનોની ટિપ્પણીના ટાપથી રાજપથ ગાજી ઉઠશે. આ ટિપ્પણી નૃત્ય માટે ખાસ ગીતનું આલેખન કરવામાં આવ્યું છે. "સૂર્યદેવના તેજ છે અદકેરાં, હેંડોને જઈએ સૌ મોઢેરા..." એવા શબ્દોથી સમગ્ર વિશ્વના પ્રવાસીઓને ગુજરાતના મોઢેરા પધારવાનું આહ્‌વાન કરવામાં આવ્યું છે.

માહિતી અને પ્રસારણ વિભાગના સચિવ અશ્વિની કુમાર અને માહિતી નિયામક અશોક સ્માર્ટ ગ્રાફ આર્ટ એડવર્ટાઈઝીંગ પ્રા.લિ.ના સિદ્ધેશ્વર કાનુગા અને તેમની ટીમે ટેબ્લો તૈયાર કરવામાં ભારે જહેમત ઉઠાવી છે. શિલ્પકાર, ચિત્રકાર, ફેબ્રિકેટર, મિસ્ત્રી અને અન્ય કારીગરો સહિત ૬૦ જેટલા કલાકારો અત્યારે નવી દિલ્હીમાં આ ટેબ્લોને આખરી ઓપ આપી રહ્યા છે. સૂર્યમંદિર જેવા જ આબેહૂબ શિલ્પ-સ્થાપત્ય અને ઊર્જાવાન ટિપ્પણી નૃત્યથી ગુજરાતનો ટેબ્લો નવી દિલ્હીના રાજપથની શોભા વધારશે.

# સોમવારે રાષ્ટ્રીય મતદાતા દિવસથી ઈ-મતદાર ફોટો ઓળખપત્ર "ઈ-એપિક"નો પ્રારંભ

ગાંધીનગર, તા. ૨૨

રાષ્ટ્રીય મતદાતા દિવસને અનુલક્ષીને ભારતીય ચૂંટણી પંચ દ્વારા મતદારો માટે વધુ એક સુવિધા સ્વરૂપે ડીજીટલ ફોર્મેટમાં ઈ-મતદાર ફોટો ઓળખપત્ર સુવિધાનો પ્રારંભ કરવામાં આવશે. ઈ-એપિક નામની આ સુવિધા કોમ્પ્યુટર અથવા મોબાઈલ દ્વારા ડાઉનલોડ કરીને તેને ડીજીલોકરમાં સાચવી શકાશે તેમજ તેની પ્રિન્ટ કાઢીને લેમિનેટ પણ કરી શકાશે, જે ચૂંટણી દરમ્યાન મતદાર ઓળખના પુરાવા તરીકે માન્ય રહેશે.

ઈ-એપિક માટે મતદારો વૉટર હેલ્પલાઈન મોબાઈલ એપ અથવા વૉટર પોર્ટલ કે એનવીએસપીની વેબસાઈટ પરથી ડાઉનલોડ કરી શકશે. આ માટે એનવીએસપી કે વૉટર પોર્ટલ પર રજીસ્ટર થઈને લોગઈન કરવાનું રહેશે ત્યારબાદ એપિક નંબર અથવા ફોર્મ રેફરન્સ નંબર દાખલ કરીને રજીસ્ટર્ડ મોબાઈલ પર ઓટીપી મેળવી તેના થકી ઈ-એપિક ડાઉનલોડ કરી શકાશે. મતદારયાદી ખાસ સંક્ષિપ્ત સુધારણા-૨૦૨૧ દરમ્યાન યુનિક મોબાઈલ નંબર સાથે નવા નોંધાયેલા મતદાર એટલે કે મતદારયાદીમાં ફક્ત એકવાર જ મતદાર સાથે સંકળાયેલો હોય તેવો મોબાઈલ નંબર ધરાવતા હોય તેવા નવા નોંધાયાલા મતદારો તા. ૨૫મી જાન્યુઆરીથી ઈ-એપિક ડાઉનલોડ કરી શકશે, તે સિવાયના મતદાર ઈ-એપિક મેળવવા માટે સૌ પ્રથમ ઈ-કેવાયસી પ્રક્રિયા કર્યા બાદ ઈ-એપિક ડાઉનલોડ કરી શકાશે. ડીજીટલ ફોર્મેટમાં "ઈ-એપિક" એટલે કે ઈ-મતદાર ફોટો ઓળખપત્ર મેળવવાની આ સુવિધા વધુ ઝડપથી અને વધારાની સેવા રહેશે જેનો લાભ લેવા મતદારોને ચૂંટણીપંચે અનુરોધ કર્યો છે.

# મોરબી સહિત ૮ જિલ્લામાં નવી જીઆઈડીસી સ્થાપનાની મુખ્યમંત્રીની જાહેરાત

### ફેડરેશન ઓફ ઇન્ડસ્ટ્રીઝ એસોસિયેશને મોરબીમાં અદ્યતન માળખાકીય સુવિધાઓ ધરાવતી જીઆઈડીસીની જાહેરાતનું સ્વાગત કર્યુ : આત્મનિર્ભર ભારતની દિશામાં વધુ એક મજબૂત પગલું ગણાવ્યું

ગાંધીનગર, તા. ૨૨

સમગ્ર ભારતમાં ગુજરાત રાજ્યને ઔદ્યોગિક ઉત્પાદનમાં અગ્રેસર બનાવવા તથા ઉદ્યોગો માટે અદ્યતન માળખાકીય સેવાઓ અને આનુસાંગિક સુવિધાઓ પ્રદાન કરતાં રાજ્યના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ આજે આઠ જિલ્લાઓમાં ૯૭૮ હેક્ટર વિસ્તારમાં નવી ઔદ્યોગિક વસાહતો-જીઆઈડીસી સ્થાપવાની જાહેરાત કરી છે.

આ જાહેરાત અંતર્ગત સિરામિક ઉદ્યોગ માટે વિશ્વભરમાં પ્રખ્યાત મોરબીમાં આશરે ૫૦૦ હેક્ટર વિસ્તારમાં અદ્યતન માળખાકીય સુવિધાઓથી સજ્જ એક મોડલ એસ્ટેટનું નિર્માણ કરાશે.

મુખ્યમંત્રીની જાહેરાતનું સ્વાગત કરતાં ફેડરેશન ઓફ ઈન્ડસ્ટ્રીઝ એસોસિયેશન (એફઆઈઓ) ગુજરાતના પ્રેસિડેન્ટ પ્રકાશ વી. વરમોરાએ કહ્યુ હતું કે ગુજરાતના કુલ જીડીપીમાં ઉદ્યોગોનું યોગદાન ૫૦ ટકા છે અને ૩૦ ટકા વેપારોનું યોગદાન છે. આ નવી જાહેરાતથી રાજ્યમાં ઉદ્યોગોના વિકાસમાં વધુ યોગદાન મળશે અને રાજ્ય-દેશનો આત્મનિર્ભર બનાવવાનું મહત્વપૂર્ણ પગલું છે.

આ અંગે પ્રતિક્રિયા આપતાં એફઆઈએના ટ્રેઝરર ભાવિન્દ્ર તનેજાએ કહ્યું હતું કે આજે સરકારશ્રીની જાહેરાતો પછી એફઆઈએએ ભારતની આર્થિક ક્રાંતિની પહેલી મોટી ઉપલબ્ધિ પ્રાપ્ત કરી છે. જીડીપી વૃદ્ધિમાં ઉદ્યોગો જ મોટામાં મોટુ યોગદાન આપશે.

નવી જીઆઈડીસી વસાહતોથી જલોત્રા-બનાસકાંઠાના માર્બલ કટીંગ-પોલીશીંગ ઉદ્યોગ, શેખપાટ-જામનગરના બ્રાસ ઉદ્યોગ, ગાંધીનગરના કડજોદરાના ફૂડ-એગ્રો ઉદ્યોગ, પાટણના ઓટો એન્સિલરી ઉદ્યોગ, નાગલપર રાજકોટના મેડિકલ ડિવાઈસ ઉદ્યોગ તથા આણંદ અને મહીસાગરના ઈજનેરી ઉદ્યોગને વ્યાપક લાભ થશે.

# વર્કિંગ જર્નાલિસ્ટ તથા પત્રકારત્વ ક્ષેત્રના યુવાઓ માટે માહિતી ખાતામાં રોજગારીની ઉત્તમ તક : વિવિધ સંવર્ગની ૧૦૦ જગ્યાઓ ભરાશે

### નાયબ માહિતી નિયામક વર્ગ-૧ની ૮, સહાયક માહિતી નિયામક વર્ગ-૨ની ૧૫ અને સિનિયર સબ એડિટર-માહિતી મદદનીશ વર્ગ-૩ની ૭૭ જગ્યાઓ માટે ઓનલાઈન અરજી પ્રક્રિયા શરૂ

ગાંધીનગર, તા. ૨૨

રાજ્ય સરકાર યુવાઓ માટે રોજગારીનો વ્યાપ દિન પ્રતિદિન વધારી રહી છે અને અલગ-અલગ વિભાગ-ખાતાઓની વિવિધ સંવર્ગની સરકારી જગ્યાઓની જાહેરાત કરી યુવાઓને પારદર્શક ભરતી પ્રક્રિયાના અંતે રોજગારી આપી રહી છે ત્યારે આજે વર્કિંગ જર્નાલિસ્ટ તથા પત્રકારત્વ ક્ષેત્રના યુવાઓ માટે માહિતી ખાતા હસ્તકની વિવિધ સંવર્ગની ૧૦૦ જગ્યાઓ માટે જાહેરાત બહાર પાડવામાં આવી છે. જેમાં નાયબ માહિતી નિયામક વર્ગ-૧ની ૮, સહાયક માહિતી નિયામક(સંપાદન) વર્ગ-૨ની ૧૫ અને સિનિયર સબ એડિટર વર્ગ-૩ની ૧૫ તથા માહિતી મદદનીશ વર્ગ-૩ની ૬૨ જગ્યાઓ માટે ઓનલાઈન અરજી પ્રક્રિયા આજથી શરૂ થઈ ગઈ છે.

આ ભરતી પ્રક્રિયા માટે વર્ગ-૧ તથા વર્ગ-૨ માટે નિયત કરાયેલી શૈક્ષણિક લાયકાત મુજબ જર્નાલિઝમ ક્ષેત્રમાં યુજીસી માન્ય કોલેજ-સંસ્થામાંથી માસ્ટર્સ ડિગ્રી ધરાવનારા ઉમેદવારો અરજી કરી શકશે જ્યારે વર્ગ-૩ માટે નિયત કરાયેલી શૈક્ષણિક લાયકાત મુજબ જર્નાલિઝમ ક્ષેત્રમાં યુજીસી માન્ય કોલેજ-સંસ્થામાંથી માસ્ટર્સ ડિગ્રી/ બેચલર્સ ડિગ્રી કે પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમા ડિગ્રી ધરાવનારા ઉમેદવારો અરજી કરી શકશે. જેની વિસ્તૃત જાણકારી જાહેરાતના નોટિફિકેશનમાંથી મેળવી શકાશે.

વર્ગ-૧ અને ૨ સંવર્ગની ભરતી પ્રક્રિયામાં પ્રથમ તબક્કામાં પ્રિલિમ્સ પરીક્ષા, બીજા તબક્કામાં મુખ્ય પરીક્ષા અને ત્રીજા તબક્કામાં ઈન્ટરવ્યુ યોજીને પારદર્શક રીતે ભરતી પ્રક્રિયા પૂર્ણ કરાશે. જ્યારે વર્ગ-૩ સંવર્ગની ભરતી પ્રક્રિયામાં પ્રથમ તબક્કામાં પ્રિલિમ્સ પરીક્ષા અને ત્યારબાદ બીજા તબક્કામાં મુખ્ય પરીક્ષા યોજી મેરિટના આધારે પસંદગી પામેલા ઉમેદવારોની નિમણૂંક કરાશે. લાયકાત ધરાવતા ઉમેદવારો તા.૨૨-૦૧-૨૦૨૧થી તા.૨૧-૦૨-૨૦૨૧ દરમિયાન રૅજ:// ઙ્ઘક્રજ.ખ્તેઙ્ઘકક્રટ્ઠિં.ખ્તર્દૃ.હ/ પરથી ઓનલાઈન પદ્ધતિથી પોતાની ઉમેદવારી નોંધાવી શકશે.

# છોટાઉદેપુરમાંથી કરોડના ગાંજા સાથે બેની ધરપકડ

છોટાઉદેપુર જિલ્લાના મીઠીબોર પાસે એક ખેતરમાં પોલીસે દરોડા પાડીને ગાંજાનો વિશાળ પ્રમાણમાં જથ્થો ઝડપી પાડ્યો હતો. ખેતરમાં ગાંજાનું વાવેતર કર્યુ હોવાની સ્ફોટક વિગતોના આધારે પાડેલા દરોડા દરમિયાન ૧.૨૩ કરોડની કિંમતના ૧૨૩૩.૪૬૬ કિલો ગાંજાના જથ્થા સાથે બે વ્યક્તિઓની ધરપકડ કરવામાં આવી હતી. છોટાઉદેપુર પોલીસ અને એસઓજીની ટીમને બાતમી મળી હતી કે, છોટાઉદેપુર તાલુકાના મીઠીબોર ગામ પાસે ખેતરમાં માટાપાયે ગાંજાનું વાવેતર કરવામાં આવ્યું છે.


## ઈ-ટેન્ડરીંગ જાહેર નિવિદા

વર્ષ - ૨૦૨૦-૨૧

## ગાંધીનગર મહાનગરપાલિકા

બહુમાળી ભવન, બી બ્લોક, પ્રથમ માળ, સેક્ટર-૧૧, ગાંધીનગર

ગાંધીનગર મહાનગરપાલિકા ખાતે નીચે દર્શાવેલ ટેન્ડર મુજબના કામે પ્રતિષ્ઠિત એજન્સીઓ પાસેતી ઠરાવેલ ઈ-ટેન્ડરોમાં બાવો મંગાવવામાં આવે છે.

| ટેન્ડર નંબર | કામનું નામ | ટેન્ડર ફી | ઈ.એમ.ડી. |
|---|---|---|---|
| ૫૮/૨૦૨૦-૨૧ | Supplying, Repairing, maintaining of Dosing System and Supplying Hypo Chloride Solution Grade-1 (Chlorine Liquid) 40 to 60 GPL for Water Works under GMC | રૂ. ૧૫૦૦/- | રૂ. ૪૨,૪૭૨/- |

ટેન્ડર ફોર્મ તા. ૨૫/૧/૨૦૨૧ થી તા. ૧૫/૨/૨૦૨૧ સુધી સમય ૧૭:૦૦ કલાક સુધી ઓનલાઈન વેબસાઈટ www.nprocure.com પરથી ડાઉનલોડ કરી ઓનલાઈન ભરી શકાશે.

ટેન્ડર બીડના જરૂરી આધાર માટેના તમામ ડોક્યુમેન્ટ ઓનલાઈન ઈલેક્ટ્રોનીક ફોર્મેટમાં સ્કેન કરી મોકલવાના રહેશે. ટેકનીકલ બીડ અને ટેન્ડર ફીની રકમ તથા ઈ.એમ.ડી.ના ડીમાન્ડ ડ્રાફ્ટ નાયબ મ્યુનિસિપલ કમિશનરશ્રીના નામે તા. ૧૬/૨/૨૦૨૧ થી ૨૨/૨/૨૦૨૧ સમય ૧૭:૦૦ કલાક સુધીમાં કચેરીએ રજીસ્ટર પોસ્ટથી મોકલવાના રહેશે. તે પ્રમાણે જે ઓફરો મળેલ હશે તો જ ખોલવામાં આવશે.

ઓનલાઈન ઓપનીંગ તા. ૨૪/૨/૨૦૨૧ કરવામાં આવશે.

સહી/-
મ્યુનિસિપલ કમિશનર
ગાંધીનગર

માહિતી/૧૮૪૨/૨૦-૨૧